***ખાનગી લાંચ રુશ્વત વિરોધી પગલાં-- પ્રોસીક્યુશનમાં થતી ઢીલ.***

**ગુજરાત સરકાર**

**ગૃહ વિભાગ**

પરિપત્ર ક્રમાંકઃ લરવ. ૩૨૬૮-૭૮-હ,

સચિવાલય, અમદાવાદ-૧૫, ૧૦મી જાન્યુઆરી, ૧૯૬૮.

**પરિપત્ર**

આ વિભાગના તારીખ ૧૮મી નવેમ્બર, ૧૯૬૫ના આજ વિષયના પરિપત્ર ક્રમાંકઃ એ.સી.બી. ૨૫૬૫-૩૯૮૧-હ થી નીચે મુજબ સુચનાઓ બહાર પાડવામાં આવી છેઃ

(૧) જે કિસ્સામાં લાંચ રુશ્વત વિરોધી ખાતાં તરફથી પ્રોસીકયુશન માટેની મંજૂરીની દરખાસ્તો સચિવાલયના લાગતા વળગતા ખાતાને કે તેની મંજૂરી આપવાની સત્તા ધરાવતા અધિકારી પાસે આવે ત્યારે તાત્કાલિક અગર તો મોડામાં મોડી બે મહિનામાં તેવી મંજૂરી આપી દેવી.

(૨) લાંચ રુશ્વત વિરોધી ખાતાએ તેમની દરખાસ્ત સાથે મંજૂરી આપતો કાચો મુસદો વર્તમાન હુકમો મુજબ ઘડી સત્તા ધરાવતા અધિકારીની સરળતા માટે મોકલવો.

(૩) પ્રોસીક્યુશનની મંજૂરી મળી ગયે સઘળી કાર્યવાહી પૂરી કરી એક માસમાં કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરવું.

૨. સરકારશ્રીના ધ્યાન ઉપર આવેલ છે કે ઉપર મુજબની સૂચનાઓનો ચુસ્તપણે અમલ થતો નથી. આથી સત્તા ધરાવતા અધિકારીઓ તેમજ સચિવાલયના સર્વે વિભાગોને વિનંતી કરવામાં આવે છે કે ઉપર જણાવેલી સૂચનાઓનો યોગ્ય રીતે ચૂસ્તપણે અમલ કરવામાં આવે. કદાચ કોઈ કિસ્સામાં લાંચ રુશ્વત વિરોધી ખાતામાંથી પ્રોસીકયુશન માટેની દરખાસ્ત સાથે તેવી મંજૂરી આપતો કાચો મુસદો રજૂ કરાયેલ ન હોય તો તેવા કિસ્સામાં લાંચ રુશ્વત વિરોધી ખાતા પાસેથી તેવો મુસદ્દો તાત્કાલિક મેળવી નિયત થયેલ સમય-મર્યાદાનું ચોક્કસપણે પાલન થાય તે જોવા પણ સર્વે સંબંધિત અધિકારીઓ તેમજ સચિવાલયના સર્વે વિભાગોને વિનંતી છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**અ. મ. અમીન**
સરકારના નાયબ સચિવ